# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

સોનિયા-કુશાસનનાં આસન ફોગ કરાવશે!
રાહુલને બતાવી વજાસન યોગ કરાવશે!
કરાવશે વમન ખાયકીનાં આંતરડાં વલોવી -
કેજરીવાલ ને તો શિર્ષાસન યોગ કરાવશે!
(વિરોધીઓને નિમંત્રણ)

**હાઇકુ**

હિંદુત્વ બાણે
ધ્યાનસ્ય સોમનાથને
દીધી દખલ..
(વિવાદ મધપૂડો)

ભેળસેળમાં
હાથી નિકળી ગયા!
'મેગી' અટકી!!
(ક્યાંક કોઇને વાંકું પડ્યું?!)

## ચિંતન

**વિષં ચંક્રમણં રાત્રો વિષં રાજ્ઞો અનુકુલતા । વિષં સ્ત્રિયો અપ્યન્યહતો વિષં વ્યાધિરવીક્ષિતઃ ॥**

'રાત્રિના સમય ખોટું ખૂબ ગમે ત્યાં રખડવું એ ઝેર સમાન છે, રાજાની નિકટ થવા બધી બાબતોમાં 'હા જી હા' કરવું એ પણ વિષતુલ્ય છે અને બેવફા સ્ત્રી-પ્રેમિકા-પત્ની પણ વિષતુલ્ય છે અને ઉપેક્ષા કરાયેલો-જેના પ્રત્યે બેદરકારી સેવવામાં આવી હોય તેવા રોગ પણ વિષતુલ્ય છે.'

આજકાલ યુવાનોમાં નિશાચરવૃત્તિ વધતી જાય છે. નિશાચરવૃત્તિ એટલે રાત્રિના વિના કારણ ગમે ત્યાં રખડવું, ગમે ત્યાં - ગમે તેવું - અપવિત્ર - ગંદુ તેલ મસાલાવાળું લારી-ગલ્લા પર ખાવું. આ નિસાચરવૃત્તિ શરીર માટે રોગોને નિમંત્રણ જ છે એ બધું જીવન માટે ઝેર સમાન છે.

આજકાલ સચિવો-કર્મચારીઓ નેતા કે વડા અધિકારીઓને 'સત્ય' કહેતા નથી કે કોઇ બઢતીના લોભ-લાલચે હા-જી-હા કરે છે. એ રાજ્ય તંત્ર અને ખૂદને માટે ઝેર સમાન છે.

આજ્ઞા અને મર્યાદામાં ન રહેનારી સ્ત્રી જીવનમાં માથાનો દુખાવા સમાન છે જીવનને એ વિષમય બનાવી નાખે છે.

રોગ-શરીર પ્રત્યે સતત જાગૃત રહેવું થોડી નાની તકલીફ થાય તો પણ તેની ઉપેક્ષા ન કરવી.

## સુવિચાર

- જૂઠ બે વજહ દલીલ દેતા હૈ, સચ ખુદ અપના વકીલ હોતા હૈ - **નવાઝ દેવબંદી**
- કેટલાક લોકોને મારી સલાહ એટલી બધી ગમી જાય છે કે તેઓ તેના પર અમલ કરવાને બદલે તેને સરસ ફ્રેમમાં મઢીને દિવાલ પર લટકાવી દે છે - **સ્ટીફન કોવી**
- માણસ તો જ સફળ છે જો તે સવારે ઉઠતો હોય અને સાંજે સૂવા જતો હોય તે દરમિયાન ના સમયમાં પોતે ઇચ્છે તે કરી શકતો હોય - **બિલ ગેટ્સ**
- દુનિયાને માણવી હોય તો પોતાને માણો.. પોતાને માણવા માટે પોતાને જાણો - **એસ. ભટ્ટાચાર્ય**
- ઓર્ગેનાઇઝડ માઇન્ડ (સંપૂર્ણ વિવેકભાવ વાળું શાંત મગજ) વાળા વ્યક્તિ માટે મૃત્યુ પણ એક એડવેન્ચર છે - **જે.કે. રોઉલીંગ**
- જીંદગી તમારી જાતને શોધવામાં નથી, પણ તમારી જાતને કંઇક બનાવવામાં રહેલી છે - **બર્નાડ શો**
- જેની પાસે સ્વાસ્થ્ય છે એની આશા અમર છે.. પણ જેની પાસે માત્ર આશા જ છે એ ખૂદ મરેલા જેવો છે - **ચાર્લ્સ ડાર્વિન**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

આજકાલ દરેકને નેતા, વક્તા, કથાકાર, સંત-સુધારક બનવું છે એનાં લક્ષણ શું હોય એની એમને ખબર જ નથી હોતી.

એક ઝેન ગુરુના આશ્રમમાં કેટલાક શિષ્યો અભ્યાસ કરતા હતા. એક જૂના શિષ્યને મનથી એમ થઇ ગયું કે હવે એ વિદ્યા-પારંગત થઇ ગયો છે અને ગુરુજીની જેમ ધર્મ પ્રચારક તરીકે બે શિષ્યને સાથે રાખી ધર્મ-પ્રવર્તન માટે જઇ શકે તેમ છે.

ગુરુજી પાસે અવારનવાર પોતાની આ ઇચ્છા વ્યક્ત કરતો. ત્યારે ગુરુજી તેની વાતનો જવાબ આપવાને બદલે સામે પ્રશ્ન પૂછતાં. બગીચાને પાણી આપી દીધું? રસોડાની સફાઇ થઇ ગઇ.

શિષ્ય વિનયપૂર્વક જવાબ આપતો પણ એ પણ નોંધ્યું કે ગુરુજી હંમેશા એના પ્રશ્નનો જવાબ ટાળે છે. આખરે એણે આ વાતનો અંત લાવવા પૂછી જ લીધું. ગુરુજી! હું ધર્મ પ્રવર્તક તરીકે ક્યારેક યોગ્ય થઇશ?

ગુરુજી કહે થોડી 'ધીરજ રાખ.'

શિષ્ય એ ફરી કહ્યું - કેટલી ધીરજ? મારી આ એક ઇચ્છાનો અંત ક્યારે આવશે?

ગુરુજીએ કહ્યું, 'જ્યારે તારી આ ઇચ્છાનો અંત આવશે ત્યારે જ તું સાચો ધર્મપ્રવર્તક થઇશ.'

Email - sureshchandrabhatt18@gmail.com

# કિસન પોતાને પ્રેમ તો કરવાનો... પણ આ રિક્ત સ્થાન, જોઈ તેને કેટલો ધક્કો લાગશે? કદાચ... એ વિચારમાં થંભી... તેને ચક્કર આવ્યા... તે લથડી...

**રિક્ત સ્થાન**

**- અનંત ન. વ્યાસ**

ગામડાના કરશન અને નિમુ શહેરમાં આવી કિસન અને નિલીમા બની ગયા અતિ ચુસ્ત કપડાં પહેરવાં, બ્યુટી પાર્લરમાં જવું અને બહારનું ખાવું, એ આધુનિક શહેરી સભ્યતાનો લપેડો મુખ પર લગાવી દીધો. નિલીમા ઊંચી અને ભરાવદાર દેહ ધરાવતી યુવતી હતી ચુસ્ત કપડામાં પોતે કેવી દેખાય છે તે નિહાળવાનો તેને ભારે શોખ હતો. કપડાં બદલતા એ ઘણી વખત અરીસામાં પોતાના પ્રતિબિંબને જોયા કરતી આવા સમયે કિસન અચૂક કહે, 'વાહ મેડમ, અમે અહિંજ છી.' એ ભૂલી પોતાની જાત સાથે પરણી ન જતા અને બંને ખડખડાટ હસી પડતા.

આવાજ એક પ્રસંગે નિલીમાને છાતીમાં વેદનાનો સણકો આવ્યો. બરાબર તપાસ કરી તો જમણા સ્તન પર નાનકડી ગાંઠ હોવાનો ખ્યાલ આવ્યો. નિલીમા વિચારમાં પડી ગઇ. આ ગાંઠ? રાત્રીના તોફાનનું પરિણામ કે પછી કંઇ અન્ય? એ જ વખતે કિસન અંદર આવ્યો. અરીસા સામે નિલીમાને ઊભેલી જોઇ તે હસ્યો, 'આજ પાછી... પણ જુવો. અમે પણ સમયસર આવી ગયાને...'

નિલીમાએ ઝટપટ સાડી વિંટાળવા પ્રયત્ન કર્યો. પરંતુ 'ઓહ' ના ચિત્કાર સાથે તે પલંગપર બેસી ગઇ.

કિશને શંકાથી પૂછ્યું, 'નિલી, શું થયું છે?'

'ના કશું નહિં' સ્વસ્થ થવાનો પ્રયત્ન કરતા નિલીમા કહે.

'કિસનને લાગ્યું - નિલીમા કશું છુપાવે છે. લે નજીક આવ્યો. નિલી - તને ચોક્કસ કંઇક થયુ છે. મને જોવા દે.'

જોઇને કહે, આ તો ગાંઠ લાગે છે તપાસ કરાવવી પડશે.

નિલીમા હા-ના કરતી રહીને કિસન તેને ડોક્ટર પાસે લઇ ગયો. ડો. શાહ પરિચિત હતા. વિગતવાર તપાસ કરી પછી કહે, જો દીકરી આ દવા તો આપું છું પણ ત્રણ દિવસમાં ગાંઠ ન ઓગળે તો આગળ તપાસ કરાવવી પડશે. અને પછી તો તપાસનું ચક્કર આગળ વધતું ચાલ્યું. ઘણા ઘણા રીપોર્ટ્સ પછી રોગનું નિદાન થયું. 'નિલીમાને સ્તન કેન્સર છે. આ માટે ઓપરેશન એક ઉપાય છે. જેમ બને તેમ જલદી સ્તન કઢાવી નાખવું જો કેન્સર ફેલાયું તો બચવાનો સંભવ ઓછો.'

રોગનું નિદાન થતા ઉપાય જાણી નિલીમા પર તો જાણે વિજળી પડી. આવી સુંદર કાયા, આવી ઘાટીલી છાતી... સ્ત્રી - સૌંદર્યનું મૂળ ઉદ્ભવ સ્થાન, પરમાત્મા તરફથી માત્ર મહિલાઓને મળેલી અનોખી ભેટ, પ્રભુકૃપાનું ચિહ્ન અને કામદેવની યશ-પતાકા, આને જો શરીરમાંથી કાઢી નંખાય તો પછી પોતે સ્ત્રી કહેવાય ખરી?

નિલીમાના મનમાં વિચારોની ગડમથલ ચાલી. ડોકટરને મન તો આ માત્ર માંસનો લોચો છે. તેના ઓપરેશનમાં કંઇ પણ જોખમ નથી. સહેલાઇથી દુર કરી શકાય. ડોક્ટર ક્યારેક એ સાથે જોડાયેલ લાગણીઓ કે ભાવનાઓનો વિચાર જ નથી કરતા. પરંતુ આવી બાયોલોજીકલ દૃષ્ટિ જીવનમાં થોડી અપનાવાય?

ભવિષ્યમાં પોતાને બાળક થાય ત્યારે, નાના નાના નાજુકને કોમળ હોઠનો સ્પર્શ, એ રોમાન્સ એ આલ્હાદક આનંદની જ અનુભૂતિ, પોતે તો ન જ પામી શકે ને? ધરતી પરનું એક માત્ર સ્વર્ગીય સુખ- બાળકને સ્તનપાન. એ માટે પોતે તો વંચિત જ રહેવાની ને? પણ ઓપરેશન ન કરાવું તો આવી રોગિષ્ટ કાયા વડે પયપાન થોડું કરાવી શકું? પણ આ તો ભવિષ્યની વાત... અત્યારે તો મારે ફક્ત કિસનનો જ વિચાર કરવાને છે એને કેવું લાગશે? એ મને ખંડિતાને આટલા પ્રેમથી અપનાવી શકે ખરો? એવું તો નહિ થાય ને કે હું જીવવાની લાયમાં પતિને ખોઇ બેસું...

કિસન તો પરિસ્થિતિ બરાબર સમજે છે. ઘણી બધી સમજાવટ પછી નિલીમા ઓપરેશન કરાવવા તૈયાર થઇ હતી. આજે તો એ વાતને વર્ષ વિતી ગયું છે. નિલીમા ઓપરેશન પછીનો લાંબો સમય પીયરમાં રહી, આજે જ પાછી આવી છે. કિસન પલંગ પર બેસી ભૂતકાળને યાદ કરે છે. ઓપરેશન માટે હોસ્પિટલમાં જવાની આગલી રાતે તે કેટલું રડેલી? રડતાં જતે તો બોલેલી. કિસન મારા વહાલા - જો મારી છાતી... સુંદર, સુડોળષ ઊંચીને ભરાવદાર... તારો હાથ લાવ.. બસ આ જગા પર મુક... ડર નહીં, ભલે મને દુઃખે. કિસનની આંખ સમક્ષ એ આખું દૃશ્ય ફરી ઊભું થયું. નિલીમા પોતાના દુઃખનો નહિ પણ મારા સુખનો વિચાર જ કરતી હતી. એ વખતે પોતાનો હાથ દર્દની જગા પર મુકાવી તે બોલેલી, 'કિસન વહાલા, આ વેદના અત્યારે કેવી મીઠી લાગે છે. ના... ના... તારો હાથ ન હઠાવ, તારો આ સ્પર્શ મારા રોમ-રોમમાં ઉતારી લેવા ઝંખુ છું... કિસન જરા જરા વધારે... મને કંઇ થયું નથી તેમ માનીને... આપણી પ્રથમ રાત્રી - મિલનની જેમ... જરા વધારે ભિંસ દે... ગભરાઇશ નહિ. મને કંઇ નહિ થાય, પછી તો આ તને જોવા નહિ મળે, કાલ સવારે તો ડોક્ટર આને કાઢી નાખશે. એ માંસનો લોચો... ગટરમાં ફેંકાઇ જશે. તે પહેલાં... તું મને પૂર્ણ આનંદ - રસની એક અનુભૂતિ કરાવી લે, મારી વેદના સાથે ન જો... મારા મુખ સામે જો, મને મળતી તૃપ્તિને વધાવ... ઓ મારા કિસન... હજી એક વાર...'

સ્મરણમાં ડૂબેલા કિસનથી નિશ્વાસ નંખાઇ ગયો.

ઓહ, નિલીમાએ કેટલું દુઃખ સહન કર્યું છે.

નિલીમા ધીમા પગલે દાખલ થઇ. લાંબા સમય પછી તે ખાસ તો ઓપરેશન પછી પ્રથમ વકત પતિ-પત્ની મળવાના છે. કિસન પોતાને પ્રેમ તો કરવાનો... પણ આ રિક્ત સ્થાન, જોઇ તેને કેટલો ધક્કો લાગશે? કદાચ... એ વિચારમાં થંભી... તેને ચક્કર આવ્યા... તે લથડી...

કિસન એકદમ ઊભો થઇ ગયો. નિલીમાને ઝાલી લીધી અને ધીમેથી તેને પલંગ પર સુવરાવી. નિલીમા અકળ નજરે તેના સામે તાકી રહી... કિસનને યાદ આવ્યું... આવા સમયે પોતે અગાઉ કેમ વર્તતો, તો શું નિલીમા એવું ઇચ્છે છે... હા, એ સ્વભાવિક છે. તેણે નિલીમાને આશ્લેષણમાં લીધી. આદત પ્રમાણે જ જમણી છાતી પર હાથ મુકાયો, અને તરત જ તે પાછો લઇ લીધો... નિલીમાએ પતિ સામે જોયું. તેની આંખો પણ છલકાઇ ગઇ. એક નવી જ વેદનાનો સણકો તેના ચિત્તમાં ઊઠ્યો...

તા.ક. એક વિદેશી વાર્તા બીજ પર... કેટલા શબ્દો સાથે... સાભાર...

# ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા કાર્યવાહક સમિતિ અને માર્ગદર્શક મંડળની રચના

સમાચાર સેતુ

ગાંધીનગર સાહિત્યસભાના સહમંત્રી અને અક્ષરના આરાધક કૃષ્ણપ્રેમી રમણલાલ શ્રીમાળીના પ્રથમ કાવ્ય સંગ્રહ 'વાંસળીના સૂર'નો વિમોચન કાર્યક્રમ, ગાંધીનગર સમાચારના તંત્રી અને ગાંધીનકલમાં કલા અને સંસ્કૃતિની સુવાસને ચોમેર પ્રસરાવતી પ્રેરણામૂર્તિ સંસ્થા ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાના અધ્યક્ષસ્થાને અને સંત પરંપરાના સાધક કવિ ડો. દલપત પઢિયારના મુખ્ય મહેમાનદપદે તથા વિશેષ આમંત્રિત વરિષ્ઠ સાહિત્યકાર અને સિનિયર સિટીઝન્સ કાઉન્સિલના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીની ઉપસ્થિતિમાં અને ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ અને કવિ ભરતભાઇ કવિ 'ઊર્મિલ' ના અતિથિ વિશેષપદે તા. ૨૭.૦૫.૨૦૧૫ને બુધવારના રોજ સાંજના ૪.૩૦ કલાકે, સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સે-૨૩ ખાતેના શ્રી બ્રહ્માણી કૃપા હોલમાં, સાહિત્ય સભાના સભ્યો, સાહિત્યકારો, સાહિત્યરસિકો - ભાવકો તથા તેમના સંબંધીઓ - કુટુંબીજનોની હાજરીમાં સુપેરે ઉજવાઇ ગયો.

ઉપર્યુક્ત મહાનુભાવોના વરદ્હસ્તે કાવ્ય સંગ્રહ 'વાંસળીના સૂર'ના વિમોચન કરી તેનું લોકાર્પણ કરવામાં આવ્યું.

ઉપસ્થિત મહાનુભાવોએ રમણલાલ શ્રીમાળી શ્રીમાળીના આ કાવ્યસંગ્રહમાંથી પદરચનાઓમાં તેમની હૃદયભાવનાના જે મધુર સૂર રેલાવ્યા છે તથા રચનાઓમાં કૃષ્ણને કેન્દ્રમાં રાખીને કૃષ્ણ ઇષ્ટ છે, યોગેશ્વર છે, પ્રેમમૂર્તિ છે, પૂર્ણપુરુષોત્તમ છે અને એક મહાન લીલાપુરુષ પણ છે એવા તેમનાં પ્રેમના પ્રતિક 'વાંસળી'ને કેન્દ્રમાં રાખી પ્રેમલક્ષણા ભક્તિમાં પદો રચ્યાં છે તે બદલ સરાહના કરી, તેમના હૃદયમાં જાગેલા ભાવગાન સતત ગાતા રાખે અને લખતા રહે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી હતી. આ કાવ્ય સંગ્રહને પરંપરાના સાધક કવિ ડો. દલપત પઢિયાર 'ખોબલે ખોબલે પોંખીને એમના શબ્દને વધાવ્યો છે. જ્યારે ગાંધીનગરના વરિષ્ઠ સાહિત્યકારો દોલત ભટ્ટ, ભાનુપ્રસાદ પુરાણી, ડો. કરસનદાસ સોનેરી, ડો. મહેશચંદ્ર પડ્યા, ગાંધીનગરની કલા સંસ્કૃતિના પ્રેરણાસ્ત્રોત કૃષ્ણકાન્ત જહા, ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિ 'ઊર્મિલ' અને સાહિતયકાર શિવશંકર દવે વિગેરેએ આવકારીને શુભેચ્છાઓ પાઠવી છે.'

ગાંધીનગર સાહિત્ય સભા અને વિકાસ એજ્યુકેશન ટ્રસ્ટ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ કાર્યક્રમનું સંકલન અને સંચાલન કુ. જયશ્રી ખેતિયા દ્વારા સુપેરે, પ્રસંગોચિત ઓપ આપીને કરવામાં આવ્યું હતું.

આ કાવ્ય સંગ્રહને ગાંધીનગર સાહિત્ય સભા હૃદયની લાગણીથી અને અંતરની શુભેચ્છાથી આવકારે છે અને તેઓ ઉતરોત્તર સિદ્ધિનાં સોપાન સર કરે તેવી, દધિ છલકતી શુભકામનાઓનો રસથાળ સાદર કરે છે.

- ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા કાર્યવાહક સમિતિ અને માર્ગદર્શક મંડળની રચના

ગુજરાત રાજયમાં ગુજરાતી સાહિત્યિક પ્રવૃત્તિઓ વધુ સક્ષમ, નિષ્પક્ષ અને સ્વાયત્ત બને તથા આ પ્રવૃત્તિઓ વધારે ગતિશીલ બને તે માટે રાજય સરકાર દ્વારા અકાદમીની વિવિધ પ્રવૃત્તિઓ અને યોજનાઓને સરળતાથી કાર્યાન્વિત કરવા અને અકાદમીના કાર્યો અને પ્રવૃત્તિઓ વિશે માર્ગદર્શન મેળવવા રાજયના પ્રમુભ અને પ્રશિષ્ટ સાહિત્યકારોની કાર્યવાહક સમિતિ અને માર્ગદર્શક મંડળમાં, એમ કુલ-૧૫ સાહિત્યકારોની નિમણૂંક રાજય સરકારે કરી છે જેમાં (૧) કાર્યવાહક સમિતિનાં અધ્યક્ષ સહિત પાંચ સાહિત્યકારો અને (૨) માર્ગદર્શક મંડળમાં કુલ-૧૧ સાહિત્યાકરોનો સમાવેશ થાય છે.

નવરચિત કાર્યવાહક સમિતિમાં (૧) ભાગ્યેશ જહા (અધ્યક્ષ) (૨) રાજેન્દ્ર પટેલ (જાણીતા કવિ અને ઉપપ્રમુખ ગુજરાતી સાહિત્ય પરિષદ) - અમદાવાદ (૩) ડો. દક્ષેશ ઠાકર (સાહિત્ય અને કુલપતિ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. સુરત) (૪) ડો. મુકુલ ચોકસી (જાણીતા કવિ - સુરત) અને (૫) લતા હીરાણી (જાણીતા વાર્તાકાર-અમદાવાદ)નો સમાવેશ થાય છે.

નવરચિત માર્ગદર્શન મંડળમાં (૧) વિનોદ ભટ્ટ (જાણીતા હાસ્યલેખક અને પૂર્વપ્રમુખ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ)

(૨) સુ.શ્રી. ધીરુબેન પટેલ (વાર્તાકાર - નવલકથાકાર)

(૩) પદ્મશ્રી કુમારપાળ દેસાઇ (જાણીતા સર્જક અને ટ્રસ્ટી, વિશ્વકોશ અમદાવાદ)

(૪) ડો. સુમન શાહ (જાણીતા વિવેચક - વાર્તાકાર) અમદાવાદ

(૫) ડો. ચીનુ મોદી (જાણીતા ગઝલકાર - અમદાવાદ)

(૬) નરોત્તમ પલાણ (ઇતિહાસવિદ્ - પોરબંદર)

(૭) મણિલાલ પટેલ (કવિ, નિબંધકાર, વલ્લભવિદ્યાનગર)

(૮) મોહન પરમાર (જાણીતા દલિત વાર્તાકાર, અમદાવાદ)

(૯) સતીશ ડણાક (વિવેચક - વડોદરા)

રાજય સરકાર દ્વારા ગુજરાત સાહિત્ય અકાદમીની કાર્યવાહક સમિતિમાં અને માર્ગદર્શક મંડળમાં નિમણૂંક પામેલ, ગુજરાતી સાહિત્યની ધરોહર સમા આ પ્રબુદ્ધ અને પ્રશિષ્ટ સાહિત્યકારોને ગાંધીનગર સાહિત્યસભા તરફથી અંતરના ઉમળકાભર્યા ખૂબ ખૂબ અભિનંદન. તેઓ માતૃભાષા ગુજરાતીના ઉત્તરોત્તર અને અવિરત પ્રગતિ માટે સાચા રાહબર બની, અદ્યક્ષ ભાગ્યેશ જહાની શાસનધુરામાં ભાગીદાર બની, ગુજરાતી ભાષાને સમગ્ર દેશમાં ઉત્કૃષ્ટ સ્થાન અપાવશે એવી અમને અડગ શ્રદ્ધા છે. 'બધાં જ પ્રશ્નોના નિવારણનો એક જ ઉપાય - ઉત્તમ વહીવટ' એ સૂત્રને આત્મસાત કરી, તેનો સાક્ષાત્કાર કરાવી, માતૃભાષા ગુજરાતીની સમૃદ્ધિની યશોગાથા માટે સર્વે નિમિત્ત બનશો તેવી દધિ છલકતી શુભકામનાઓ, અભિલાષા સહ અભ્યર્થનાનો રસથાળ સાદર.

- અવળોક્તિ

અમારું દાંપત્ય બહુ મજાનું છે. અરધો દિવસ હું પત્નીને પોતાનું ધાર્યું કરવા દઉં છું અને બાકીનો અરધો દિવસ પત્ની કહે તેમ હું કરુ છું, એટલે અમારું ગાડું બરાબર ચાલ્યા કરે છે.

- સંતવાણી

કહના થા સો કહ દિયા, અબ કછુ કહા ન જાય,
એક રહા - દૂજા ગયા, દરિયા લહર સમાય !

- કબીર

**સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ**

**શબ્દસેતુ**

**સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'**


# ગરમાળાની વરમાળા

ગરમાળાનું વૃક્ષ પહેલીવાર ક્યારે જોયું હશે એની કોઇ યાદ આવતી નથી. એને ક્યારથી ઓળખતો થયો એનું પણ કોઇ સ્મરણ નથી. એવું લાગે છે કે માનનીય લાભશંકરભાઇ ઠાકરના નિબંધો વાંચ્યા પછી જ મને એનું વૃક્ષ જોવાની તાલાવેલી લાગી હશે. સને ૧૯૯૩માં ગાંધીનગરમાં વસવા આવ્યા ત્યારે, અમારા રહેઠાણ સામેની ખુલ્લી જગ્યામાં સરકાર તરફથી જાતજાતના વૃક્ષો રોપાયા હતા, એમાં કેટલાક ગરમાળા પણ હતા. એ મોટા થઇ એને પીળાં ઝૂમ્મરીયા ફૂલો આવ્યા પછી જ ખરેખર તો પરખાયા, ઓળખાયા બાદ ચિત્તમાં રોપાયા. એવાં ઊંડા મૂળ નાખીને વળગી પડ્યા છે કે ગુલમહોરને આ પહેલાં ઘણા વરસોથી ઓળખતો હોવા છતાં હૈયાની વાડીમાં ગરમાળાના પ્રમાણમાં ગુલમહોર માટે ઘણી ઓછી કહેવાય એટલી જગ્યા બચી છે. ગુલમહોરને હું શાળાસમયથી જાણું છું. એના રાતાચટાક ફૂલો, મારા સહાધ્યાયીઓ સાથે મેં પણ અડાલજ પ્રવાસ વખતે ખાધા હતા. જેનો સ્વાદ હજી જીહવા પર છે. કદાચ એ કારણે પણ ગુલમહોર શતપ્રતિશત મને આત્મસાત કરી શક્યો નથી. એની સામે ગરમાળો પૂરેપૂરી આંખોની જ ઉજાણી.

શકુંતલા આ તરુવરના કનકવર્ણી પુષ્પોથી પોતાના કાન શોભાવતી એ વાત જ કેટલી અનોખી લાગે છે? એવું વિચારતાં, વિચારતાં જ મને એવું થયું છે કોઇ કોડીલી કન્યા પોતાના સાજન માટે એકલા ગરમાળાના ફૂલોની જ વરમાળા ગૂંથવા બેસી જાય તો એ ચિત્ર કેવું બને? ગુંથતાં, ગુંથતાં એ ય કંચનકાય ના બની જાય? થોડા સમય પહેલાં લોકો પોતાની દીકરીઓના નામ કંચન રાખતા, ઘણા સોનલ, સોના કે સોની પણ રાખતા. ચાંદીના ચાળે ચડી ઘણા રૂપાંદે, રૂપલ, રૂપા, રુપમ કે કેવળ નાનકડું રૂપ નામ પણ પાડતા. છોકરાઓના નામ રુપો, રજત લગભગ બધાએ સાંભળ્યા હશે. હા, તો પેલી સ્વપ્નશીલ કન્યા સાજનની વરમાળા માટે ગરમાલા પાસે થોડુંક સોનું માગે છે. ગમે તે કારણસર (સોનું મળવામાં અથવા માળા ગુંથવામાં) વિલંબ થાય છે અને એના સુકોમળ હાથ જ વરમાળામાં પલટાઇ જાય છે. આવું કશુંક તમને ગમે ખરું? જો હા, તો વાંચો આ સાથેનું કાવ્ય.

**ગરમાળાની વરમાળા ?**

મંન થોડું સોનું દઇ દે રે, ગરમાળા;
ઝટ સાજનને પે'રાવી રે, વરમાળા.
મંન અંગે તડકો લાગે રે, ગરમાળા,
કુણ માથે છાંયો ઢાંકે રે, દલવાળા.
પણ પિયુજી બહુ શાણા ને શરમાળા,
તમ જેવું હસતાં હસતાં રે શરમાણા.
અમ આંગણ આવી ઊભા ને અટકાણા,
ફટ છાતીના ધમકાણા રે મલકાણા.
ખટ્ ખડકી નટખટ ખખડી રે, ગરમાળા,
'ચલ' અંદરથી હું બબડી રે, પરબારા,
જળ પિયુ માંગે તાકી રે, તરસાણા,
ઝટ્ ઝાંઝર રાખે બાકી રે, હરખાણા ?
ધરઇ ધરઇને પાણી પાયા રે, બચકાયા,
હાથ મારા તે દિ' થાયા રે, વરમાળા.



**- રણછોડ વી. પરમાર**

ગરમાળા પ્રેમીઓને આ બીજી કવિતા પણ ગમશે એવી શ્રદ્ધા છે, તો વાંચો, આ સાથે....

**ગરમાળો**

ગરમીથી ગુલતાન થયો છે ગરમાળો,
કંચનની કરતાલ થયો છે ગરમાળો.
આંખ જરા રાતી ભાળીને સૂરજની,
હસી હસી કમ્માન થયો છે ગરમાળો.
સાજ સજી પીઠી ચોળીને ઊભો છે,
કન્યાના અરમાન થયો છે ગરમાળો.
'આવો, આવો' કહીને સહુએ બોલાવે,
પંખીનું યજમાન થયો છે ગરમાળો.
લટકે છે એક છીબ ભરીને શીતળતા,
રંગીલું પયપાન થયો છે ગરમાળો.
તપ તપ્યા'તા પારવતીએ જેવાં જો
એવો કૈં એકધ્યાન થયો છે ગરમાળો.
ગુલમહોરના રાજ હશે કંઇ દિશામાં?
અહીંનો તો સુલતાન થયો છે ગરમાળો.



**- રણછોડ વી. પરમાર**